| | | |
|---|---|---|
| **GJBN020103672026** | सत्यमेव जयते | કેસ રજુ તા.૨૪/૦૪/૨૦૨૬ |
| | | કેસ રજી. તા.૨૪/૦૪/૨૦૨૬ |
| | | કેસ ફેસલ તા.૩૧/૦૭/૨૦૨૬ |
| **C.C.NO.8704/2026** | | સમયગાળો : વર્ષ માસ દિવસ |

**ભાવનગરના મહેરબાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ, ભાવનગર**

**ફોજદારી કેસ નં.-૮૭૦૪/૨૦૨૬**

આંક-

**ફરિયાદી- સરકાર શ્રી**

**વિરુધ્ધ**

**આરોપી- ઈકબાલ ઉર્ફે ચીની લીયાકતહુસૈન રફાઈ, ઉ.વ.૩૦,**

રહે. કુંભારવાડા, મામાની દેરી પાસે, ખાતરવાડી, ભાવનગર

**ગુન્હો-ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો**

ફરિયાદ પક્ષ તર્ફે- વિ. એ.પી.પી.શ્રી બી.એચ.ચુડાસમા.

આરોપી પક્ષ તર્ફે-વિ. વ. શ્રી એમ. આઈ. ડેરૈયા

**ચુકાદો**

(૧) સદર કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૯/૦૨/૨૦૨૬ના કલાક-૨૩:૩૦ વાગ્યે આ કામના ફરીયાદી રહેણાંકના મકાનમાં ગેરકાયદેસર રીતે રાત્રી ગુપ્ત ગૃહ પ્રવેશ કરી ઘરના રૂમમાં રહેલ કબાટની તિજોરી માંથી રોકડ રકમ રૂા.૫૦,૦૦૦/- તથા એક જોડી સોનાની બુટ્ટી કીમત રૂા.૨૯,૦૦૦/- તથા એક નંગ દાણો કીમત રૂા.૨,૦૦૦/- તથા એક જોડ પ્લાસ્ટીકના પાટલા જેની ઉપર પીળી ધાતુનુ પડ ચડાવેલ છે જેની કીમત રૂા.૧૫૦૦/- તથા એક કાળા તથા પીળી ધાતુની માળા વાળુ ડાયમંડના પેંડલવાળુ મંગળસુત્ર જેની કીમત રૂા.૫૦૦/- તથા એક વીવો કંપનીનો વાય.૧૯ મોડલનો મોબાઈલ જેનો આઈ.એમ.ઈ.આઈ. નં. 869968075685626 & 869968075685638 ના છે જેની કીમત રૂા.૧૦,૦૦૦/- મળી કુલ રકમ રૂા.૯૩,૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબની

ફરિયાદ આપતા બોરતળાવ પો. સ્ટે. ઈ–ગુજકોર્પ એ. પાર્ટ ગુના રજીસ્ટર નં.૧૧૧૯૮૦૧૫૨૬૦૧૫૮/ ૨૦૨૬ થી નોંધાયેલ અને ગુનાની તપાસને અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય આરોપી વિરુધ્ધ ફરિયાદપક્ષ ધ્વારા હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ચાર્જશીટ આવતા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થયેલ અને આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સ મળ્યાની ખાતરી કર્યા બાદ અત્રેની અદાલત ધ્વારા આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આરોપીનું નિવેદન નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા સદર કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવાની વિગત</u>**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | હરેશભાઈ પ્રભુભાઈ જાંબુચા–ફરિયાદી | ૦૭ |

**<u>દસ્તાવેજી પુરાવાની વિગત</u>**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદની ખરી નકલ | ૦૮ |
| ૨ | ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ | ૦૯ |

(૪) સદર કામે ફરીયાદપક્ષ તરફે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો પડેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) સદર કામે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષની દલીલો તથા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા હાલના કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:મુદ્દાઓ:–</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ગઈ

તા.૧૯/૦૨/૨૦૨૬ના કલાક-૨૩:૩૦ વાગ્યે આ કામના ફરીયાદી રહેણાંકના મકાનમાં ગેરકાયદેસર રીતે રાત્રી ગુપ્ત ગૃહ પ્રવેશ કરી ઘરના રૂમમાં રહેલ કબાટની તિજોરી માંથી રોકડ રકમ રૂા.૫૦,૦૦૦/- તથા એક જોડી સોનાની બુટ્ટી કીંમત રૂા.૨૯,૦૦૦/- તથા એક નંગ દાણો કીંમત રૂા.૨,૦૦૦/- તથા એક જોડ પ્લાસ્ટીકના પાટલા જેની ઉપર પીળી ધાતુનુ પડ ચડાવેલ છે જેની કીંમત રૂા.૧૫૦૦/- તથા એક કાળા તથા પીળી ધાતુની માળા વાળુ ડાયમંડના પેંડલવાળુ મંગળસુત્ર જેની કીંમત રૂા.૫૦૦/- તથા એક વીવો કંપનીનો વાય.૧૯ મોડલનો મોબાઈલ જેનો આઈ.એમ.ઈ.આઈ. નં. 869968075685626 & 869968075685638 ના છે જેની કીંમત રૂા.૧૦,૦૦૦/- મળી કુલ રકમ રૂા.૯૩,૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય માટેના કારણો</u>**

**<u>મુદ્ધા નં. ૧ની ચર્ચા-</u>**

(૮) હાલના કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુનાનો આરોપ છે. તેથી સૌ પ્રથમ સદર કલમ વંચાણે લીધી.

(૯) ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ મુજબ કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય છે કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે. આમ, જયારે ફરિયાદપક્ષ એમ ઈચ્છતો હોય કે આરોપીને તેમણે લગાવેલા આરોપ બદલ દોષિત ઠરાવી સજા કરાવામાં આવે તો તેવા સંજોગોમાં આરોપીએ તે ગુનો કરેલાની હકીકત ફરિયાદપક્ષે શંકાથી પર પુરવાર /સાબિત કરવી જોઈએ. કારણ કે ફોજદારી કાર્યરીતિમાં કોઈ પણ ગુનાહિત કાર્યની જવાબદારી નકકી કરવા માટેની પ્રથમ ધારણા એવી હોય

છે કે આરોપી નિર્દોષ છે. પરંતુ જો આરોપી ભારતીય પુરાવા અધિનિયમમાં જણાવેલ અપવાદો મુજબનો બચાવ લે તો તેવા સંજોગોમાં આરોપીએ પોતે જે તે અપવાદ અનુસાર લાભ લેવા હકકદાર છે તે બાબતે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોય છે. પરંતુ ફરિયાદપક્ષના કિસ્સામાં આ નિયમ લાગુ પડતો નથી. ફરિયાદ પક્ષે પોતાનો કેસ દરેક શંકાથી પર સાબિત કરવાનો હોય છે.

**(૧૦)** હવે, કોઈ પણ હકીકત સાબિત થઈ એમ કયારે કહેવાય તો તે બાબતે સાબિત શબ્દની વ્યાખ્યા વંચાણે લેવી જરૂરી છે કે જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં જણાવેલ છે. જેના આધારે એમ કહી શકાય કે જયારે અદાલત તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા તે હકીકત અસ્તિત્વમાં છે એમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને કે એક સમજદાર વ્યકિત જે તે કેસના સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે. આમ, કોઈપણ હકીકત સાબિત થયેલ છે કે કેમ તે નિર્ણય કરવા માટે જે તે કેસમાં રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરૂરી છે. પરંતુ પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તેની કોઈ પધ્ધતિ કોઈ પણ કાયદામાં દર્શાવેલ નથી. દરેક કેસની હકીકતો તથા સંજોગો જુદા જુદા હોય છે અને તે હકીકતો અને સંજોગોને ધ્યાનમાં રાખીને પુરાવાનું મુલ્યાંકન કરી શકાય અને ત્યાર બાદ જ નકકી કરી શકાય કે કોઈ હકકીત અસ્તિત્વ ધરાવે છે કે કેમ?

**(૧૧)** આમ, ઉપરોકત ચર્ચાના આધારે હાલના કામે રજૂ થયેલ પુરાવો વંચાણે લઈએ તો, ફરિયાદપક્ષ તરફે આંક–૦૭ થી ફરીયાદી હરેશભાઈ પ્રભુભાઈ જાંબુચા નાઓને તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે પાંચેક માસ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરે સુતા હતા ત્યારે તેમના ઘરમાં ચોરી થયેલી અને તેમના ઘરના કબાટમા રાખેલ રોકડ રૂા.પ૦,૦૦૦/– તથા સોનાની બુટ્ટી તથા એક દાણો તથા પ્લાસ્ટીકના પાટલા તથા એક ડાયમંડના પેન્ડલ વાળા મંગળસુત્રની ચોરી થયેલ. જે અંગે તેમણે ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૦૮ થી રજુ કરેલ છે. વધુમાં ફરીયાદી એવી હકીકત જણાવેલ છે કે, તેમને તેમનો મુદ્દામાલ મળી ગયેલ છે. આમ, સદરહુ ફરીયાદી ફરીયાદ હકીકતથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતા ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવેલ નથી. સદરહુ ફરીયાદીની બચાવ પક્ષ તરફે કોઈ ઉલટતપાસ કરવામા આવેલ નથી.

**(૧૨)** હવે સદર કામે ફરિયાદપક્ષે આરોપી સામેના ગુના સાબિત કરવા માટે પ્રથમ એ હકીકત પુરવાર કરવી પડે કે હાલના આરોપીએ જ ફરિયાદીના ઘરમાથી રોકડ રકમ તથા સોના ચાંદીના

દાગીનાની ચોરી કરેલ છે તથા સદર ગુનો પુરવાર કરવા માટે આ કામનાં આરોપીની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુનામાં સંડોવણી હોવાનુ પુરવાર કરવુ પડે પરંતુ સદર કામે તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાની વંચાણે લેતાં તેમના ઘરમાં ચોરી થયેલ હોવાની હકીકત જણાવી જે સંદર્ભે ફરીયાદ રજુ કરેલ છે. ફરીયાદી તેમની જુબાનીમા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. ફરીયાદ હકીકત ધ્યાને લેતાં સમગ્ર બનાવ ફરિયાદીની ફરિયાદ પરથી ઉભો થયો હોવા છતા ખુદ ફરિયાદીની જુબાનીથી ફરીયાદની હકીકતને કોઈ જ સમર્થનકારી પુરાવો જણાય આવતો નથી. જેથી આ કામના આરોપી વિરૂધ્ધ કોઈ આક્ષેપો સાબિત થતા ન હોય તથા આરોપીને સદર ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુકવામા આવેલ તહોમત સાબિત કરવામા સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**હુકમ**

(૧) આ કામના આરોપી ઈકબાલ ઉર્ફે ચીની લીયાકતહુસૈન રફાઈ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતી નં.૬૨/૨૦૨૬ તથા નં.૮૮/૨૦૨૬ માં દર્શાવેલ સોનાના દાગીના તથા રોકડ રકમ બાબતે અગાઉ કરવામા આવેલ હુકમ કાયમ કરવામા આવે છે તેમજ અન્ય નાશપાત્ર મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો તેમજ મુદ્દામાલ પાવતી નં.૮૯/૨૦૨૬ મા જણાવેલ મુદ્દામાલનો પણ અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩) **આરોપી અન્ડર ટ્રાયલ પ્રિઝનર હોય જો અન્ય કોઈ ગુન્હાના કામે કોઈ જરૂરીયાત ન હોય તો સત્વરે સદરહુ ગુન્હાના કામે તાત્કાલીક જેલ મુકત કરવા.**

(૪) હાલના કામે આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર જણાયે હાજર રહેવા માટે અગાઉ આપેલ જામીન તથા જામીનખત છ માસની મુદત માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૩૧મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૩૧/૦૭/૨૦૨૬**
**સ્થળ–ભાવનગર.**

**(એ. એસ. શેખ)**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ભાવનગર**
**(Unique Code No. GJ00899)**

FAIZAN